# જ્ઞાની રાજા શલોમોન

# (ફાધર વર્ગીસ પોલ)

રાજા દાવિદે પોતાના ઘડપણાં આપેલા આદેશ મુજબ પુરોહિત સાદોકે ગિહોનમાં નબી નાથાનની હાજરીમાં પ્રભુના તંબુમાંથી તેલનું શિંગડું લઈને રાજાના કુંવર શલોમોનનો અભિષેક કર્યો. તેમણે રણશિંગું વગાડયું અને બધા લોકો પોકારી ઊઠયા. “રાજા શલોમોન, ઘણું જીવો!”

જયારે દાવિદનો અંત નજીક આવ્યો ત્યારે તેણે પોતાના દીકરા શલોમનને છેલ્લો આદેશ આપતાં કહ્યું, “બળવાન બનજે અને વીરની જેમ વર્તજે. તારા ઈશ્વર પ્રભુએ તને જે પાળવાનું કહેલું છે તેનું પૂરેપૂરું પાલન કરજે. મોશેનાં નિયમો, આજ્ઞાઓ, રિવાજનો અને આદર્શોનું પાલન કરજે. જેથી પ્રભુ મને આપેલું વચન પૂરું કરી શકે કે, ઈસાલની ગાદી ઉપર સદા તારો જ વંશ બેસશે.”

શલોમોને રાજગાદી સંભાળી લીધા પછી ટૂંક સમયમાં પોતાના શત્રુઓ અને વિરોધીઓને સખત હાથે પૂરા કરીને પોતાની રાજસત્તાને સ્થિર કરી. વળી તેણે મિસરના રાજા ફારુનની સાથે લગ્નસંબંધ બાંધ્યો. તેણે તેની દીકરી સાથે લગ્ન કર્યું.

રાજા શલોમોને ટેકરી ઉપરનાં થાનકોમાં મુખ્ય થાનક ગિલ્યોનની વેદી ઉપર હજાર બલિ ચડાવીને પ્રાર્થના કરી. પ્રાર્થનામાં શલોમોને પ્રભુએ એમના પિત અને કુટુંબ ઉપર વરસાવેલા આશીર્વાદ માટે આભાર માન્યો અને નમ્રતાથી પ્રભુએ કહ્યું કે, “હું તો હજી નાદાન છોકરો છું, કેમ કરવું ને શું કરવું એની મને ખબર નથી અને હું તારી પસંદ કરેલી પ્રજા વચ્ચે આવી પડયો છું. જે ગણી ગણાય નહીં એટલી છે. એટલે, તારા આ સેવકને તારી પ્રજા ઉપર રાજ્ય કરવા માટે વિવેકભર્યું મન આપ, જેથી તે સારાખોટાનો ભેદ કરી શકે.”

શલોમોને પ્રાર્થનામાં પોતાને માટે લાંબું આયુષ્ય, સંપત્તિ કે પોતાના દુશ્મનોના મોત માગવાને બદલે વિવેક બુદ્ધિ માગવાથી પ્રભુ તેના ઉપર ખૂબ પ્રસન્ન થયા અને તેને વિવેકબુદ્ધિ સાથે બીજી બધી આશિષો આપતાં પ્રભુએ કહ્યું, “હું તને એવું શાણું વિવેકભર્યું મન આપું છું કે, તારા પહેલાં તારા જેવો કોઈ થયા નથી અને તારા પછી કોઈ થવાનો નથી.”

એ પછી બે વેશ્યાઓ રાજાની સમક્ષ આપવીને ઊભી રહી. તેઓ બંને એક જ ઘરમાં રહેતી હતી અને ત્રણેક દિવસને અંતરે બંનેએ એકેક બાળકને જન્મ આપ્યો હતો. પણ એક દિવસ રાતે એકનું બાળક મરી ગયું. હવે જીવતા બાળક માટે પડાપડી કરતાં ન્યાય માટે બંને બાઈઓ રાજા પાસે આવી હતી.

એક બાઈએ બીજી બાઈ તરફ આંગળી ચીંધીને કહ્યું, “રાતે એનું બાળક એની નીચે આવી ગયું અને મરી ગયું. એણે મધરાતે ઊઠીને હું ઊંઘતી હતી તે દરમિયાન મારી સોડમાંથી મારું બાળક લઈને પોતાની સોડમાં મૂકયું અને મરેસા બાળકે મારી સોડમાં મૂક્યું.”

“ખોટી વાત, જીવતો છોકરો મારો છે. મરેલો તારો છે.” બીજી બાઈ બોલી ઊઠી.

“નહિ, મરેલો તારો છે, જીવતો મારો છે.” પહેલી કહ્યું. આમ, તેઓ રાજાના દેખતાં જ ઝઘડવા લાગી.

થોડી વાર વિચાર કરીને રાજાએ કહ્યું, “મને એક તલવાર લાવી આપો.” એટલે રાજા આગળ એક તલવાર રજૂ કરવામાં આવી.

“આ જીવતો છોકરાના બે ટૂકડા કરો અને બંનેને એકેક ટુકડો આપી દો.” રાજાએ કહ્યું.

આ સાંભળીને જીવતા છોકરાની સાચી માના હૃદયમાં દયા ઊભરાઈ આવી અને તેણે રાજાને કહ્યું. “નામદાર, છોકરો ભલે એને આપી દો. ગમે તે કરો, પણ એને મારી ન નાખશો.”

પણ પેલી બીજી બોલી, “છોકરો તો મનેય ન મળે અને એનેય ન મળે. એના બે ટુકડા કરી નાખો.”

ત્યારે રાજાએ ચુકાદો આપ્યો, “એ છોકરો પહેલી બાઈને આપી દો. એને મારી નાખશો. એ એની સાચી મા છે.”

જ્યારે ઈસાયલના લોકોને રાજએ આપેલા ચુકાદાની જાણ થઈ, ત્યારે તેમના મનમાં રાજા માટે આદર જાગ્યો. તેઓ સમજી ગયા કે, પોતાનો રાજા ખૂબ જ્ઞાની છે અને એ ન્યાય કરવા માટે દૈવી ડહાપણ ધરાવે છે.

પ્રભુએ શલોમોનને અપાર જ્ઞાન અને સમજદારી તેમજ સાગરકાંઠાના પટ જેવું વિશાળ મન આપ્યું હતું. શલોમોન બીજા કોઈપણ માણસ કરતાં વધુ જ્ઞાન ધરાવતો હતો. આસપાસની બધી પ્રજાઓમાં તેની કીર્તિ ફેલાઈ ગઈ.

શલોમોન એક સારો રાજકર્તા અને વ્યવસ્થાપક હતો. તેણે પડોશમાં તૂરના રાજા હિરામ સાથે સારો સંબંધ બાંધ્યો. રાજા હિરામે શલોમોનનને મંદિર બાંધવા માટે જોઈતાં બધાં દેવદાર અને ચીડનાં લાકડાં તેમજ કુશળ કારીગરો પણ પૂરાં પાડયાં.

ઈસાયલીઓ મિસરમાંથી બહાર આવ્યા પછી. ચારસો ને એંસી વર્ષે, શલોમોને પોતાના અમલના ચોથા વર્ષે, પ્રભુનું મંદિર બાંધવાની શરૂઆત કરી. એને બાંધતાં સાત વર્ષ લાગ્યાં હતાં. મંદિરનું બાંધકામ પૂરું થયા પછી પુરોહિતો દ્વારા પ્રભુના કરારની મંજૂષાને સિયોનમાંથી લઈ આવીને મંદિરના ગર્ભગૃહમાં મૂકવામાં આવી.

આપણે જાણીએ છીએ તેમ, ઈ.સ. પુર્વે 587માં બાબિલોનના રાજા નબૂખદનેરસરે ચડી આવીને મંદિરને અને રાજાના મહેલને બાળી મૂક્યાં ત્યાં સુધી એટલે આશરે ચારસો વર્ષ સુધી શલોમેનનું ભવ્ય મંદિર ઊભું રહ્યું હતું. બાઈબલમાં મંદિરના બાંધકામનું ઝીણવટભર્યું વર્ણન છે. પણ હજી સુધી શલોમોનનું મંદિર હતું ત્યાં ખોદકામ કરીને મંદિરનું કંઈ પુરાતત્વ મેળવી શકયું નથી. મંદિરનું કામ પૂરું કર્યા પછી શલોમોન વર્ષમાં ત્રણ વાર પ્રભુ માટે પોતે બાંધેલી યજ્ઞ દેવી ઉપર આહુતિ અને નૈવેધ્ય ચઢાવતો અને પ્રભુ સમક્ષ ધૂપ કરતો.

શલોમોની કીર્તિ સાંભળીને શબાની રાણી કૂટપ્રશ્નો પૂછી તેની કસોટી કરવા આવી. તેણે શલોમોનને પોતાના મનના બધા પ્રશ્નો પૂછયા અને શલોમોને પોતાના મનના બધા પ્રશ્નો પૂછયા અને શલોમોને તેના બધા પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા. શલોમોનનું જ્ઞાન તથા તેની જાહોજલાવી જોઈને શબાની રાણી અવાક થઈ ગઈ અને તેણે રાજાને કહ્યું. “મેં જે સાંભળ્યું હતું તેના કરતાં પણ વધુ તામારાં જ્ઞાન અને સમૃદ્ધિ ક્યાંય ટપી જાય છે.!” પછી રાજા શલોમોને અને શબાની રાણીએ અરસપરસ ખૂબ કીમતી ભેટસોગાદોની આપ-લે કરી. ત્યાર પછી રાણી પોતાના રસાલા સાથે સ્વદેશ પાછી ફરી, સમૃદ્ધ અને જ્ઞાનની બાબતમાં શલોમોન દુનિયાના બધા રાજાઓને ટપી ગયો હતો.

રાજા શલોમોનની એક આગવી વિશેષતાઓ છે કે તે એક સર્જનાત્મક લેખક અને સાહિત્યકાર હતો. એટલે જ બાઈબલના બધા જ્ઞાનગ્રંથોમાં એના નામનો ઉલ્લેખ જોવા મળે છે, જો કે એ જ્ઞાનગ્રંથોમાંના અમુક ભાગો જ શલોમોનનું સર્જન છે.

બાઈબલના એક ગ્રંથ “સુભાષિતો” ની વાત કરીએ તો એમાં સુભાષિતોના સંગ્રહમાં શલોમોનના બે અલગ ગુચ્છો છે. ગ્રંથમાં ઈશ્વર, ધર્મ, કુટુંબ, વ્યાપાર અને નીતિન્યાયને લગતાં ઉન્નત બોધવચનો છે. ગ્રંથનો હેતુ જ્ઞાન આપવાનો છે. જ્ઞાની અથવા ડાહ્યો માણસ એટલે ધર્મપરાયણ, નીતિષ્ઠ, સમજુ, વ્યવહારકુશળ અને ચતુર માણસઃ અને અજ્ઞાની અથવા મૂર્ખ માણસ એટલે અહીં શલોમોનના સુભાષિત સંગ્રહમાંથી કેટલાક નમૂનાઓ જોઈએ.

“સાધુ પુરુષની વાણી જીવનદાયિની હોય છે, પણ દુષ્ટની વાણી હિંસાસભર હોય છે.”

“અકક્લ વગરનો આદમી બીજાનો તૃચ્છકાર કરે છે, પણ સમજુ માણ મૂગો રહે છે.”

“મુરખ માને છે કે હું સાચો છું પણ ડાહ્યો માણસ સલાહ સાંભળે છે.”

“ગરીબને રંજાડનાર તેના સર્જનહારનું અપમાન કરે છે, પણ ગરીબ ઉપર રહેમ કરનાર તેને સન્માને છે.”

“કૂતરો ઓકેલું ફરી ખાય છે તેમ મૂરખ કરેલી ભૂલ ફરી કરે છે.”

“મૂગા પ્રેમ કરતાં ખુલ્લો ઠપક સારો. ”

“સોટી અને ઠપકો જ્ઞાન આપે છે. પણ છુટું મુકેલું બાળક માને બટ્ટો લગાડે છે.”

“જે ગરીબનો પોકાર સાંભળતો નથી તેને પોકાર પણ કોઈ સાંભળશે નહિ.”

“દ્વેષ ઝઘડા જગાવે છે, પણ પ્રીતિ સુમેળ પેદા કરે છે.”

રાજા શલોનના અમલ દરમિયાન ઈસાયલીઓનું રાજય જાહોજલાલીના શિખરે પહોંચ્યું. શલોમોનના મૃત્યુ પછી એનું પતન શરૂ થયું અને આખરે ઈસાયલ રાજયનો લોપ થયો.

(છેલ્લે બદલ્યાની તારીખઃ 01-02-2007)

(ફરી બદલ્યાની તારીખઃ 16-02-2007)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2007